**'FUNCTIONS OF MOTIFS IN AAKHYANS WRITTEN BY PREMANAND - A CRITICAL STUDY'**

**'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા – એક**

**સમીક્ષાત્મક અભ્યાસ'**

**A Summary of the Thesis Submitted to**

**THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF**

**BARODA, VADODARA**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં**

**ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થનાર**

**શોધનિબંધ**

For the award of Degree of
Doctor of Philosophy
In Gujarati


**GUIDE**

**Dr. RAJESH PANDYA**

PROFESSOR IN GUJARATI

M.S.UNIVERSITY, VADODARA

**PRESENTED BY**

**HEMANT RAMESHBHAI PARMAR**

**માર્ગદર્શક**

**ડૉ. રાજેશ પંડ્યા**

પ્રોફેસર, ગુજરાતી વિભાગ

એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા

**રજૂ કરનાર**

**હેમંતકુમાર રમેશભાઈ પરમાર**


**ડીસેમ્બર ૨૦૧૮**

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમા પ્રયોજાયેલાં કથાઘટકો છેક રામાયણ-મહાભારતથી માંડીને વેદો-પુરાણો, લોકવારતાઓ, લોકપ્રચલિત કથાઓ અને પ્રાચીન-મધ્યકાલીન કથાસાહિત્યની કૃતિઓમાં વિધવિધ રીતે પ્રાપ્ત થાય છે. ઘણાં વરસોથી લઈને આજપર્યન્ત આ કથાઘટકો પુનરાવર્તન પામીને કાળનાં પ્રવાહમાં ટકી રહ્યાં છે. જેમાનાં કેટલાંક કથાઘટકો તો ચિરંજીવ બની ગયાં છે, જેમકે 'અનુરાગનો ઉદ્દગમ', 'અપરમાનુંઆળ', 'દૂતકાર્ય', 'પરકાયાપ્રવેશ', 'લિંગપરિવર્તન' વગેરે. આ કથાઘટકોને કોઈ પ્રદેશ કે દેશની સીમાઓ ક્યાંય નડી નથી. 'સોનેરીવાળવાળી રાજકુમારી'નું કથાઘટક ભારતીય લોકકથામાં પણ પ્રાપ્ત થાય અને અમેરીકાની લોકકથામાંય મળી આવે. આ કથાઘટકો જે તે પ્રદેશ પૂરતાં મર્યાદિત ન રહેતાં વૈશ્વિક બની ગયા છે. આ કથાઘટકોમાં અસાધારણ તત્ત્વ છે કે અનેક પ્રજાવર્ગોની સામૂહિક સ્મૃતિમાં સચવાઈ રહ્યાં છે. એ દૃષ્ટિએ પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો અભ્યાસ મને પ્રસ્તુત લાગે છે.

**પ્રકરણ : એક : કથાઘટક : સૈધ્ધાંતિક વિચારણા :**

આ પહેલા પ્રકરણમાં 'કથાઘટક' સંજ્ઞા, વિભાવના અને લક્ષણો વિશે કેટલીક ચર્ચા કરી છે. અહીં પાશ્ચાત્ય સાહિત્ય ઉપરાંત હિંદી અને ગુજરાતી કથાસાહિત્યમાં થયેલી 'કથાઘટક' શબ્દ વિશે વિચારણા તેમજ કથાસંરચનામાં 'કથાઘટક'નું કાર્ય એ વિશે ચર્ચા કરી છે.

મધ્યકાલીન ગુજરાતી કથનાત્મક સાહિત્યના સ્વરૂપોની પરંપરા પણ સુદીર્ઘ છે. જેમાં રાસ, પ્રબંધ, પદ્યવાર્તા, આખ્યાન જેવાં મુખ્ય સ્વરૂપો છે. આ જુદાં-જુદાં સ્વરૂપોમાં કથાનકોનું વિધવિધ આલેખન થયેલું છે. આ કથાઓના બંધારણને ઘડવામાં 'કથાઘટકો'(Motifs) મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કથાઘટક જે તે કૃતિમાં અનિવાર્ય હોય છે. કથાઘટક જે તે કથાને ઘડે છે અને કથાવિકાસમાં ચાવીરૂપ ભાગ ભજવે છે. કથાઘટકો જુદી-જુદી કથાઓનું ચાલકબળ બની રહે છે. જે તે કથાઘટકને માનવસમુદાય વર્ષોપર્યન્ત સ્મૃતિમાં સાચવી રાખે છે. જેમકે 'રામાયણ'માં યુવરાજના દેશવટાનું કથાઘટક પ્રયોજાયું છે. આ 'દેશવટા'નાં 'કથાઘટક'માં કેટલાંક નિમિત્તો મહત્ત્વનાં હોય છે. જેમકે, અપરમાનું આળ, અપમાન કે ઠપકો અથવા તો ગુન્હાની શિક્ષા કે યાત્રાપ્રયોજન વગેરે.

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં આખ્યાનક્ષેત્રે પ્રેમાનંદનું સ્થાન અદ્વિતીય રહ્યું છે. પ્રેમાનંદનાં આખ્યાનો અનેક દ્રષ્ટિએ અગત્યના છે. આ કથાઓનાં મૂળ રામાયણ, મહાભારત અને શ્રીમદ્ભાગવતમાં છે. પ્રેમાનંદે પોતાની સર્જક પ્રતિભા વડે આખ્યાનકવિતાને ઊંચું સ્થાન આપ્યું છે. તેમની આખ્યાનકૃતિઓનાં જુદી-જુદી રીતે અનેક અભ્યાસો થયા છે. પરંતુ કથાઘટકની દ્રષ્ટિએ પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનો સઘન અભ્યાસ હજુ સુધી થયો નથી. આથી પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનો કથાઘટક સંદર્ભે અભ્યાસ કરવાનું મને જરૂરી લાગ્યું છે.

ગુજરાતી સાહિત્યમાં Motif વિશે સૈધ્ધાંતિક તેમજ વર્ગીકરણ અને તારવણીમૂલક અભ્યાસ થયા છે તે તેમજ ગુજરાતી સાહિત્યમાં થયેલ Motifની વિભાવના, તેનું સ્વરૂપ અને તેનાં વિશે થયેલા જુદા-જુદા અભ્યાસોની સંક્ષેપમાં નોંધ લીધી છે. કથામાં કથાઘટકની કાર્યસાધકતા વિશે પણ આ પ્રકરણમાં ચર્ચા કરી છે.

## પ્રકરણ : બે : મધ્યકાલીન ગુજરાતી કથનાત્મ કૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો : એક પરિચય

બીજા પ્રકરણનું શીર્ષક 'મધ્યકાલીન ગુજરાતી કથનાત્મક સાહિત્યમાં પ્રયોજાયેલાં કથાઘટકો : એક પરિચય' એવું છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં વિવિધ કથાઘટકો આલેખન પામ્યાં છે. અહીં પસંદગીનાં કથાઘટકોને જુદાં-જુદાં સ્વરૂપની કૃતિઓના સંદર્ભે પરિચય આપવાનું આ પ્રકરણમાં મારું લક્ષ્ય છે. મધ્યકાલીન ગુજરાતી કથનાત્મક સાહિત્યમાં અનેક કથાપ્રકૃતિઓ(talestypes)અને કથાઘટકો(motifs) પ્રયોજાયાં છે. આ કથાપ્રકૃતિઓ અને કથાઘટકોનો અભ્યાસ મધ્યકાલીન સાહિત્ય સંદર્ભે થઇ શકે એમ છે. મધ્યકાલીન કથનાત્મક સાહિત્ય કૃતિઓમાં વિવિધ કથાઘટકો આલેખન પામ્યાં છે. જેમાંના કેટલાંક કથાઘટકો આ પ્રમાણે દર્શાવી શકાય : અનુરાગનો ઉદ્‌ગમ, આળઃ- ચોરીનું આળ, ડાકણનું આળ, બળાત્કારનું આળ, વ્યભિચારિણીનું આળ, અંધકારે ઓળખભૂલ, કસોટીઓ :– ચારિત્ર્યની,બુદ્ધિચાતુર્યની,લગ્નની,સતીત્વ-શીલની, કૃતજ્ઞ પ્રાણી કે પક્ષી, ગર્ભમાં સંવાદ, ગુરુ-શિષ્યનો પ્રણય સંબંધ, ચમત્કારિક પદાર્થ, ચમત્કારિક વિદ્યા, છૂપુંલગ્ન કે મિલન-અંગલક્ષણ, દૂતકાર્ય, દેશવટો કે ગૃહત્યાગ વગેરે કથાઘટકોનો મધ્યકાલીન કૃતિઓના સંદર્ભે પરિચય આપ્યો છે. જેમકે :

'દોહદ'નું કથાઘટક કથામાં વિશિષ્ટ રીતે પ્રયોજાતું હોય છે. 'દોહદ'સગર્ભા સ્ત્રીઓને ગર્ભાધાન અવસ્થા દરમિયાન થતો હોય છે. જેથી તેનો પતિ પોતાની રાણીના દોહદને ગમે તે પરિસ્થિતિમાં પૂર્ણ કરે છે.

'અભયકુમાર મંત્રીશ્વર રાસ'માં 'દોહદનું કથાઘટક આલેખન પામ્યું છે. શ્રેણિકની રાણી ચેલ્લાણા ગર્ભવતી હોય છે. ગર્ભવતી ચેલ્લાણાને પોતાના પતિ શ્રેણિકનું માંસ ખાવાનો 'દોહદ' થાય છે. જેથી અભયકુમાર સસલાનું માંસ મંગાવે છે. જે શ્રેણિકના પેટે ગુપ્તપણે બાંધી દે છે. આથી તે કાપીને રાણીને ખવડાવે છે. આ રીતે અભયકુમાર શ્રેણિકની રાણી ચેલ્લાણાનો 'દોહદ'પૂર્ણ કરે છે. આ જ કથામાં શ્રેણીક રાજાને ધારિણી નામની રાણી હતી. રાણી ગર્ભવતી હોય છે. ત્યારે તેને ગ્રીષ્મઋતુમાં અકાળે મેઘવૃષ્ટિ જોવાનો દોહદ થાય છે. ત્યારે અભયકુમાર પરિચિત દેવની સહાય વડે મેઘવૃષ્ટિ કરાવે છે. જેથી રાણીનો દોહદ પૂર્ણ થાય છે.

## પ્રકરણ : ત્રણ : પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં મહત્ત્વનાં કથાઘટકો

આ ત્રીજા પ્રકરણમાં 'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં મહત્ત્વનાં કથાઘટકો'ની ચર્ચા કરી છે. પ્રેમાનંદનાં આખ્યાનોમાંથી પ્રાપ્ત થતાં કથાઘટકો ભારતીય કથાસાહિત્યના વિવિધ કથાનકોમાં પ્રાપ્ત થાય છે. આ વિધવિધ કથાઘટકોની મૂલવણી, તારવણી અને સામ્યમૂલક અભ્યાસ કરવાનું મને અહીં અભિપ્રેત છે. પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાંય ઘણાં કથાઘટકો પ્રયોજાયાં છે. આ કથાઘટકો આ પ્રમાણે છે : અગ્નિદિવ્ય, અનુરાગબીજ અથવા અનુરાગનો ઉદ્‌ગમ, આકાશવાણી, આળ :- ચોરીનું આળ, ડાકણનું આળ, બળાત્કારનું આળ/વ્યભિચારિણીનું, કસોટીઓ :- ચારિત્ર્યઅંગેની, બુદ્ધિચાતુર્યની, લગ્નઅંગેની, સતીત્વ-શીલની, ગર્ભમાં સંવાદ, છૂપું લગ્ન કે છૂપું મિલન(તેનાં અંગલક્ષણ-દેહચિહ્નો), દૂતકાર્ય-હંસદૂત વેગેરે. જેમકે

- **અગ્નિદિવ્યનું કથાઘટક :**

### ૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ

પ્રેમાનંદકૃત 'મામેરું' અને 'સુધન્વા આખ્યાન'માં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. 'મામેરું' માં નરસિંહને સ્નાન કરવા ઉષ્ણોદક અપાય છે ત્યારે નરસિંહ સતના પ્રભાવે વરસાદ વરસાવે છે. 'સુધન્વા આખ્યાન'માં સુધન્વા ગરમ ગરમ ઉકળતા તેલમાં સતના પ્રભાવે બચે છે.

[મામેરુ, કડવું : ૯; સુધન્વા આખ્યાન, કડવું : ૧૨]

### ૨. કથાઘટકનું પ્રયોજન

'અગ્નિદિવ્ય'નું કથાઘટક મોટેભાગે ભક્તની કસોટી, સત્યની કસોટી કે પછી પોતાના પર જે આરોપ લાગ્યો છે એ જુઠ્ઠો છે એ સાબિત કરવા પ્રયોજાય છે. આ કથાઘટકમાં અગ્નિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમકે ઊકળતુ તેલ, ઊકળતું પાણી, ગરમ લોહસ્તંભ વગેરે. આ કથાઘટકમાં ભક્ત કસોટીમાથી પાર ઉતરે છે, તો જેના પર આરોપ લાગ્યો છે એ જુઠ્ઠો છે એવું સાબિત થાય છે.

### ૩. અન્ય કૃતિઓમાં અગ્નિદિવ્યનું કથાઘટક

૩.૧. ‘રોમસીતમાની વારતા’[1]માં ‘અગ્નિદિવ્ય’નું કથાઘટક આલેખાયું છે. કૈકયી વાસુકીને જણાવે છે કે તમારા મિત્રએ મારા પર બળાત્કાર કર્યો છે. દશરથ જાણે છે કે તેના પર જુઠ્ઠો આરોપ લાગ્યો છે. દશરથ રાજાના સતનાં પારખાં કરવાં પંચો ભરાય છે. પંચોએ નક્કી કર્યા મુજબ ‘ધીઝ’ થાય છે. દશરથ પંચો રૂબરૂ ધખધખતા સ્તંભને બાથમાં લઇ લે છે ને તેને ભેટે છે. આ જોઇ સૌ આશ્ચર્ય પામે છે. ધખધખતો સ્તંભ રાજાને દઝાડી પણ શકતો નથી. વાસુકિ રાજા આ ‘ધીઝ’ને સ્વીકારતો નથી. આથી વાસુકિ એક ઢોલની ચારેબાજુ અને વચ્ચે આગની પ્રચંડ જ્વાળાઓ પ્રગટાવે છે. આવા અગ્નિ બની ગયેલાં ઢોલમાંથી દશરથ રાજાને નીકળવાનો આદેશ આપવામાં આવે છે. દશરથ રાજા એ અગ્નિમાંથી પણ પસાર થઇ જાય છે. એ પછી વાસુકિ પથ્થરનો ચુલો બનાવડાવે છે. તેના પર એક મોટો ગોળો મૂકાવડાવે છે. દશરથ રાજાને એ ગોળાની અંદર બેસાડીને તેનું મુખ બંધ કરી દેવામાં આવે છે. ત્યારબાદ એ ગોળાને ખૂબ જ તપાવવામાં આવે છે. તપેલો ગોળો ફૂટે છે. રાજા તેમાં હેમખેમ હોય છે. જેથી વાસુકિને સાચી વાતનું ભાન થાય છે કે મારી રાણીએ દશરથ પર ખોટો આરોપ મૂક્યો છે.

૩.૨. ‘પ્રહ્લાદ આખ્યાન’[2]માં ‘અગ્નિદિવ્ય’નું કથાઘટક પ્રયોજાયું છે. પ્રહ્લાદ વિષ્ણુભક્ત છે. તે હંમેશા હરિના નામનું રટણ કર્યા કરે છે. તેથી અસુર પિતા હિરણ્યકશ્યપ ક્રોધિત થાય છે. પ્રહ્લાદને મારવાનાં અનેક પ્રયત્નો કરે છે. પરંતુ, પ્રહ્લાદ એ ઘાતમાથી બચી જાય છે. પ્રહ્લાદ પિતાને પણ વિષ્ણુનું રટણ કરવાનું કહે છે. જેથી હિરણ્યકશ્યપ એક ધગધગતો થાંભલો તૈયાર કરાવે છે, ને પ્રહ્લાદને કહે છે કે જો આ ધગધગતા થાંભલામાં તારા ભગવાન હોય તો તું એને બાથ ભર. જ્યારે પ્રહ્લાદ ગરમ થાંભલાને બાથ ભરે છે ત્યારે થાંભલો ફાટે છે ને તેમાંથી ભગવાન નરસિંહ પ્રગટ થાય છે. શ્રીમદ્ ભગવતના મૂળ કથાનકમાં આ કથાઘટક પ્રયોજાયું છે. આમ, અહીં ‘અગ્નિદિવ્ય’નાં કથાઘટક વડે ભક્તની કસોટી આલેખાઇ છે.

---

[1] ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), સં. ડૉ. ભગવાનદાસ પટેલ, પૃ.૨૪

[2] બૃહત્ કાવ્યદોહન કથામૂલક : ભાગ-૩, ખંડ-૨, પૃ.૧૧૯૯

૩.૩. 'ચનૈની'[3]માં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. એકવાર મંજરી દહીં વેચવા જાય છે. તે લોરિકને જ દહીં આપે છે. તેને માલૂમ નથી કે લોરિક ત્યાં જ છે. એક તંબુ પર તે લોરિકનાં ઢાલ-તલવાર જૂએ છે, જેથી તેને લાગે છે કે પોતાનાં પતિની હત્યા થઇ છે. આથી મંજરી ચક્કર ખાઇને પડે છે. જ્યારે અંદર રહેલો લોરિક તેને વાઇ આવી હતી એમ પૂછે છે ત્યારે તે ચક્કરનું કારણ જણાવે છે. મંજરી સૂર્યદેવને પ્રાર્થના કરતાં કહે છે : 'જો મારા શરીરમાં સત હોય તો મારી સાડીના પાલવમાંથી અગ્નિ પ્રગટ થાય'. એ જ સમયે મંજરીનાં પાલવમાંથી અગ્નિ પ્રગટ થાય છે. આ રીતે 'અગ્નિદિવ્ય' દ્વારા 'સતની કસોટી' આલેખાઇ છે.

## પ્રકરણ : ચાર : પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા

ચોથા પ્રકરણમાં 'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા' તપાસવાનો ઉપક્રમ છે. જેમકે 'ઓખાહરણ'માં-

- **ચિત્રપટ દ્વારા પ્રિયજનનાં મેળાપની યુક્તિ :**

'ઓખાહરણ'માં ઓખા જ્યારે સ્વપ્નમાંથી તે જાગે છે પછી પ્રેમાગ્નિમાં તપે છે. તે ચિત્રલેખાને પોતાનાં સ્વપ્નના વરની વાત કરે છે. આથી ચિત્રલેખા પોતાની સખીને સહાય કરવાં 'ચિત્રપટ દ્વારા પ્રિયજનનાં મેળાપ'ની યુક્તિ કરે છે. અહીં ચિત્રલેખા પટ પર વિવિધ રાજાઓનાં ચિત્રો દોરે છે વાયુ, વરુણ, યક્ષ, સુધાકર, મુનિ, કૌરવો, પાંડવો વગેરે. જેમ-જેમ ચિત્રલેખા ચિત્રો દોરે છે તેમ તેમ ઓખાની વ્યાકૂળતા વધતી જાય છે. પછી ચિત્રલેખા કૃષ્ણ અને પ્રદ્યુમ્નનું ચિત્ર દોરે છે ત્યારે ઓખા લાજે છે ને કહે છે :

"કન્યા કહે, એવો પ્રભુજી, આ પુરુષ છે કો વૃદ્ધ,
ચિત્રલેખાએ લખી દેખાડયો કાગળમાં અનિરુદ્ધ"
(કડવું : ૧૦, કડી : ૧૧)

[3] ચનૈની : કૃતિનિષ્ઠ અભ્યાસ, ડૉ.હસુ યાજ્ઞિક, પૃ.૨૧૩

આ કથાઘટક દ્વારા પ્રેમાનંદ ઓખા-અનિરુદ્ધનું સ્વપ્નમાં જે આભાસી મિલન થયું હતું તેની વાસ્તવિકતાની ભોંય રચી આપવાનું કાર્ય કરે છે. નાયિકા કે નાયકના મિલનમાં ચિત્રલેખા વિશેષ મિલનનો ભાગ ભજવે છે. એ દષ્ટિએ જોતા આ કથાઘટક કથાસંરચનામાં વિકાસ સાધનારું પરિબળ છે.

**પ્રકરણ : પાંચ : ઉપસંહાર : કેટલાંક નિરીક્ષણ અને નિષ્કર્ષ**

પાંચમા પ્રકરણમાં કેટલાંક નિરીક્ષણો અને નિષ્કર્ષ આલેખ્યા છે. પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમા પ્રયોજાયેલાં કથાઘટકો છેક રામાયણ-મહાભારતથી માંડીને વેદો-પુરાણો, લોકવારતાઓ, લોકપ્રચલિત કથાઓ અને પ્રાચીન-મધ્યકાલીન કથાસાહિત્યની કૃતિઓમાં વિધવિધ રીતે પ્રાપ્ત થાય છે. ઘણાં વરસોથી લઈને આજપર્યન્ત આ કથાઘટકો પુનરાવર્તન પામીને કાળનાં પ્રવાહમાં ટકી રહ્યાં છે. જેમાનાં કેટલાંક કથાઘટકો તો ચિરંજીવ બની ગયાં છે, જેમકે ‘અનુરાગનો ઉદ્દગમ’, ‘અપરમાનુંઆળ’, ‘દૂતકાર્ય’, ‘પરકાયાપ્રવેશ’, ‘લિંગપરિવર્તન’ વગેરે. આ કથાઘટકોને કોઈ પ્રદેશ કે દેશની સીમાઓ ક્યાંય નડી નથી. ‘સોનેરીવાળવાળી રાજકુમારી’નું કથાઘટક ભારતીય લોકકથામાં પણ પ્રાપ્ત થાય અને અમેરીકાની લોકકથામાંય મળી આવે. આ કથાઘટકો જે તે પ્રદેશ પૂરતાં મર્યાદિત ન રહેતાં વૈશ્વિક બની ગયા છે. આ કથાઘટકોમાં અસાધારણ તત્ત્વ છે કે અનેક પ્રજાવર્ગોની સામૂહિક સ્મૃતિમાં સચવાઈ રહ્યાં છે. એ દષ્ટિએ પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો અભ્યાસ મને પ્રસ્તુત લાગે છે.

**પરિશિષ્ટ :**

**સમાજની નરી વાસ્તવિકતાનો ચિતાર આપતી વાર્તાઓ : ‘ગર્ભગાથા’**

**કર્તાસૂચિ**

**કૃતિસૂચિ**

**કથાઘટકસૂચિ**

**સંદર્ભ ગ્રંથ સૂચિ**